સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ-ગુજરાત દ્વારા સંચાલિત

# કુટુંબ સુરક્ષા કવચ (KSK)

## ઉદ્દેશ

સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ સાથે ગુજરાતમાં જોડાયેલ ઘટકો ના સભ્ય પરિવારની વ્યક્તિનું અવસાન થાય ત્યારે તેમના પરિવારને આર્થિક સુરક્ષા પુરી પાડવા માટેની આ યોજના છે.

સમાજના કોઇ પણ કુટુંબમાંથી કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં જોડાયેલ સભ્ય જો છીનવાઈ જાય ત્યારે પરિવારને આર્થિક સહયોગ આપવા સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ પ્રેરિત 'કુટુંબ સુરક્ષા કવચ' (KSK) અંતર્ગત તે પરિવારજનોને રૂપિયા ૫,૦૦,૦૦૦/- (અંકે રૂપિયા પાંચ લાખ પુરા) ની સહાય નિધિ ચુકવવામાં આવશે. આ યોજના સમાજ ના પરિવારને સુરક્ષિત કરવાનો એક નમ્ર પ્રયાસ છે. તેના નિયમો નીચે મુજબ છે તે કુટુંબ સુરક્ષા કવચ (KSK)માં જોડાયેલ તમામ સભ્યો ને બંધન કર્તા છે અને રહેશે.

## નિયમો

1. કુટુંબ સુરક્ષા કવચ (KSK) સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ-ગુજરાતના સંચાલન અને દેખરેખ નીચે કામગીરી કરશે.
2. કુટુંબ સુરક્ષા કવચ (KSK)માં દાખલ થનાર સભ્યોની ઉંમર ૧૮ વર્ષ થી ૫૦ વર્ષ સુધી ની રહેશે. (ઉંમર બાબત ના પુરાવા જેવાકે સ્કુલ નો દાખલો/જન્મ નો દાખલો/ કોર્ટ ના હુકમ ની નકલ આપવી ફરજીયાત છે.)
3. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં સભ્ય તરીકે જોડાવનારની વન ટાઇમ દાખલ ફી રૂપિયા ૫૦૦/- રહેશે. અને દર ૫ વર્ષે સભ્ય ફી રિન્યુ કરવાની રહેશે.અને દરેક સભ્યે ફરજીયાત ભરવાના રહેશે.
4. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં સભ્ય થનારે દર છ મહિને મુત્યુ સહાય ફાળો રૂપિયા ૧૫૦૦/- (અંકે રૂપિયા એક હજાર પાંચસો પુરા)આપવાનો રહેશે
5. જે સભાસદ લાઇફ ટાઇમ મૃત્યુ સહાય ફાળો ભરવા ઇચ્છા ધરાવતા હોય તેમને રૂપીયા ૫૧,૦૦૦/-(અંકે રૂપિયા એકાવન હજાર પુરા) આપવાના રહેશે
6. મૃત્યુ સહાય ફાળાની રકમમાં વધ-ઘટ કરવાની સત્તા કુટંબ સુરક્ષા કવચ (KSK) ની વ્યવસ્થાપક કમિટીની રહેશે.
7. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં સભ્ય થનારે પોતાની ચાલુ બેંક ખાતાની વિગતો (KYC) સાથે ECS કરીને આપવાની રહેશે.
8. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં સભ્ય થનારે દર વર્ષે વાર્ષિક મૃત્યુ સહાય ફાળો નક્કી કરેલ છે તે વાર્ષિક અથવા ૬ માસિક ભરવાના રહેશે.
9. કુટુંબ સુરક્ષા કવચ (KSK) નો મુત્યુ સહાય ફાળો નક્કી કરેલ મહીનાની તારીખોમાં દર છ માસે ભરવાનો રહેશે. અને ત્યાર બાદ મૃત્યુ સહાય ફાળો સભ્ય ભરેતો દંડ/પેન્લટી રૂપીયા ૫૦૦/- સાથે ભરવાની રહેશે.
10. કુટુંબ સુરક્ષા કવચ (KSK) ના નિયમોનું પાલન કરવામાં સભ્ય નિષ્ફળ જાય તો તેમનું સભ્ય પદ આપો આપ રદબાતલ થશે. અને દાખલ ફી માંથી વહીવટી ફાળો બાદ કર્યા પછીની રકમ પરત કરવામાં આવશે તથા ભરેલ મુત્યુ સહાય ફાળાની રકમ પરત મળશે નહી.
11. કુટુંબ સુરક્ષા કવચ (KSK) નો મુત્યુ સહાય નો લાભ જે સભ્ય જોડાય તે તારીખ થી 200 દીવસ બાદ મળવા પાત્ર રહશે.
12. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માંથી સભ્યએ સ્વેછાથી પોતાનુ સભ્ય પદ છોડયા બાદ ફરીથી સભ્ય બનવું હોય તો નવા સભ્ય તરીકે ની પ્રકીયા કરવાની રહેશે અને નવેસરથી સભ્ય બનવું પડશે. તથા સિવિલ સર્જન નું મેડીકલ સર્ટીફીકેટ અથવા સંસ્થા કહેતે ડોકટરનું મેડીકલ સર્ટીફીકેટ અરજી સાથે રજુ કરવાનું રહેશે
13. કુટુંબ સુરક્ષા કવચ (KSK) કુદરતી આફ્તો, પૂર, ભુકંપ, સામુહિક હોનારત, રોગચાળો, વગેરે જેવી પરીસ્થિતીમાં મૃત્યુ થાય તો સહાય માટે કમિટીનો નિર્ણય આખરી ગણાશે.

14. કુટુંબ સુરક્ષા કવચ (KSK) ના સભ્યનું અવસાન થાય ત્યારે સભ્યએ નક્કી કરેલ વારસદાર- નોમીની એ સભ્યના મરણના દાખલા સાથે દાવા ફોર્મ ભરીને સંસ્થાને પુરાવા સહીત અરજી કરવાની રહેશે.

15. કુટુંબ સુરક્ષા કવચ (KSK) આ યોજનામાં જોડાવનાર વ્યક્તિ શારીરીક તંદૂરસ્તી ધરાવતી હોવી જોઈએ. ફોરમની ચકાસણી વખતે કોઈ ગંભીર બિમારી માલુમ પડેશે તો સભ્યપદ રદ કરવામાં આવશે.

16. કુટુંબ સુરક્ષા કવચ (KSK) નો લાભ ફક્ત ગુજરાતમાં રહેતા હોય અને સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ સાથે જોડાયેલ ઘટકના સભ્ય હોય તે પરિવારના સભ્યો જ લાભ લઈ શકશે.

17. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં મોદી સમાજ સિવાયના અન્ય સમાજ માં લગ્ન કરેલ મોદી સમાજના પુરુષની પત્ની આ યોજનાનો લાભ લઈ શકશે. પરંતુ તે લગ્ન બાદ છુટાછેડા લેતી હોય અથવા વિધવા થાય કે ત્યક્તા થાય તે દીકરી મોદી સમાજ સિવાય બીજા સમાજ માં ફરી લગ્ન કરે તો તેને કોઈ લાભ મળવા પાત્ર રહેશે નહી અને ભરેલ મુત્યુ સહાય ફાળાની રકમ પરત મળશે નહી.

18. મોદી સમાજની દીકરી અન્ય સમાજ માં લગ્ન કરેલ હોય તે પણ આ યોજનામાં જોડાઈ શકશે પરંતુ તેના બાળકો અને પતિ આ યોજનાનો લાભ લઈ શકશે નહીં.

19. કુટુંબ સુરક્ષા કવચ (KSK) ની સભ્ય ફી વાર્ષિક મૃત્યુ સહાય ફાળો તથા મુત્યુ સહાય ની રકમમાં ફેરફાર કરવાનો અધિકાર કુટુંબ સુરક્ષા કવચ (KSK) ના કારોબારી કમીટીની રહેશે.

20. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં જોડાયેલ સભ્યને કોઇ તકરાર ઉપસ્થિત થાય તેવા સંજોગોમાં સભ્યએ પ્રથમ પોતાના કવચ કમીટીમાં લેખીત માં રજુઆત કરવાની રહેશે. ત્યાર બાદ યોગ્ય નિરાકરણ ના થાય ત્યાર બાદ સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજ ટ્રસ્ટ-ગુજરાતમાં લેખીતમાં રજુઆત કરવાની રહેશે. તેમ છતાં સભ્યને અસંતોષ થાય તો લવાદ રાહે નિરાકરણ લાવવા નું રહેશે.

21. કુટુંબ સુરક્ષા કવચ (KSK) અને સભ્યની વચ્ચે કોઇ તકરાર ઉપસ્થિત થાય તો તેની હકુમત અમદાવાદ શહેર રહેશે.

22. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં સભ્ય થનારે સંસ્થાનું નિયત નમુના વાળુ ફોર્મ તેમના આધાર પુરાવા સહીત ભરવાનું રહેશે અને ફોર્મ માં કે આધાર પુરાવામાં આપેલ માહીતિ જો ખોટી વિગતો આપવામાં આવી હશે તો તેવા સભાસદ ઉપર કાયદેસર ની કાર્યવાહીઓ સંસ્થા કરી શકશે.

23. કુટુંબ સુરક્ષા કવચ (KSK) ને આકસ્મીક કારણોસર બંધ કરવાની થાય તો તેવા સંજોગોમાં માત્ર સભ્ય ફાળા ની કુલ રકમ માંથી વહીવટી ખર્ચ ની રકમ બાદ કર્યા પછી વહેચાવામાં આવશે.અથવા કમીટી નક્કી કરે તે મુજબ વહેચવાની રહેશે.

24. કુટુંબ સુરક્ષા કવચ (KSK) નો આર્થિક ફાળો સમાજ કે સમાજની બહારથી લઈ શકશે.

25. કુટુંબ સુરક્ષા કવચ (KSK) યોજનાનો લાભ સમસ્ત ગુજરાતી મોઢ મોદી સમાજના દરેક તંદૂરસ્ત વ્યક્તિઓ (સ્ત્રી/પુરૂષ) સભ્યો ભાગ લઈ શકશે.

26. કુટુંબ સુરક્ષા કવચ (KSK) માં સભ્ય બનાવવા માટે નો આખરી નિર્ણય કુટુંબ સુરક્ષા કવચ (KSK) ની વ્યવસ્થાપક કમિટીનો રહેશે.

## સુરક્ષિત પરિવાર સુરક્ષિત સમાજ

**પ્રવેશ માટે ઉંમર ૧૮ થી ૫૦ - દર છ મહિને ભરવાની રકમ ૧૫૦૦/-**

**સભ્યના અવસાન સમયે વારસદારને રૂા. ૫,૦૦,૦૦૦/- (અંકે રૂા. પાંચ લાખ) ની સહાય**

**સભ્યની સહી**